**નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત**

**સાફલ્યગાથા તા.૩૧/૦૫/૨૦૨૧ થી ૦૬/૦૬/૨૦૨૧**

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| નવસારી ટાઉન પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારી | પાર્ટ – C- ૧૧૮૨૨૦૧૯૨૧૧૯૫૪ પ્રોહી એકટ કલમ ૬૫AE,૧૧૬(૨), ૯૮(૨),૮૧ લાલ કલરની સેન્ટ્રો કાર નં. GJ-21-7919 કિં રૂ.૧,૦૦,૦૦૦/- માં દમણ ખાતેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની બાટલીઓ તથા ટીન બીયરો કુલ નંગ ૭૨ કિં રૂ. ૩૨,૮૦૦/- નો પ્રોહી જથ્થો કારમાં ભરી વહન કરી લાવી. પકડાયેલ બંને આરોપીની અંગ ઝડતીમાં મળી આવેલ મોબાઇલ ફોન નંગ -૦૨ કિં રૂ.૧૦૦૦/- મળી કુલ કિં. રૂ.૧,૩૩,૮૦૦/- ના મુદ્દામાલ ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવી. |
| એલ.સી.બી. ના પોલીસ અધિકારી/ કર્મચારીઓ | નવસારી રુરલ પો.સ્ટે. પાર્ટ- સી -ગુ.ર.નં.-૧૧૮૨૨૦૨૧૨૧૨૭૮૪ પ્રોહી એકટ કલમ ૬૫એઈ, ૮૧, ૧૧૬(૨), ૯૮(૨) મુજબ ટાટા ટેમ્પોઆમાં નંબર GJ-19-X-9260 વિદેશી દારૂની ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી તથા વોડકાની બાટલીઓ તથા ટીન બીયરોના કુલ બોકસો નંગ-૩૬૨ માં કુલ નંગ- ૧૨૪૩૨ બાટલીઓ તથા ટીનબીયર જેની કિંમત રૂપીયા.૧૮,૮૧,૬૦૦/-નો પ્રોહી મુદ્દામાલ ટેમ્પામની કિ.રૂ.૪,૫૦,૦૦૦/-, તથા અંગ ઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂપીયા ૧૭૦૦/-, મોબાઇલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૨૫૦૦/- તથા ખાખી કલરના પુઠાના બોક્ષ નંગ- ૫૯ જેમાં પ્લાસ્ટીકની ખાલી બોટલો નંગ- ૪૭૨ કુલ રૂ. ૨૩,૩૫,૮૦૦/- ના મુદ્દામાલ આરોપીઓને ડીટેઇન કરવામાં આવેલ. |
| **ગણદેવી પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ** | ગણદેવી પાર્ટ C.ગુ.ર.નં. ૧૧૮૨૨૦૧૨૨૧૧૪૯૧ પ્રોહી એકટ કલમ- ૬૫એઇ, ૮૧, ૧૧૬(બી), ૯૮(૨) એક સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની બ્રેઝા કાર રજી નં.GJ-15-CG-3757 કાર જેની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કી તથા બીયરની બાટલીઓ નંગ-૧૬૮ કિં.રૂ.૨૬,૪૦૦/- તથા મોબાઇલ ફોન નં.૧ જેની કિ.રૂ.૫,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫,૩૧,૪૦૦/- ના મુદામાલ સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |



**પ્રેસ નોટ તા.૩૧/૦૫/૨૦૨૧**

**ડિગ્રી વગર મેડીકલ પ્રેકટીસ કરતા બોગસ ડોકટરને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી. ટીમ**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુ.રા.,ગાંધીનગરનાઓએ રાજ્યમાં મેડીકલ ડિગ્રી વગર પ્રેકટીસ કરી દર્દીઓના જીવ જોખમમાં મુકતા નકલી તબીબો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા જરૂરી સુચનાઓ કરવામાં આવેલ.જે આધારે અધિક પોલીસ મહાનિદેશક શ્રી,સુરત વિભાગ,સુરત તથા નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબનાઓએ ડિગ્રી વગર મેડીકલ પ્રેકટીસ કરતા બોગસ ડોકટરના કેસો શોધી કાઢવા આપેલ સુચના આધારે ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટરશ્રી વી.એસ.પલાસ,એસ.ઓ.જી. નવસારીનાઓએ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે આધારે,

આજરોજ તા.૩૧/૦૫/૨૦૨૧ ના રોજ એ.એસ.આઈ. કિશોરભાઈ ગુલાબભાઈ તથા અ.પો.કો. કિરણકુમાર દિનેશભાઈનાઓને સંયુકત રાહે બાતમી હકિકત મળેલ કે, મોજે અલીફનગર તીઘરા નવસારી તા.જી.નવસારી ખાતે બોગસ દવાખાનું ચાલે છે તેમાં સારવાર આપનાર ડોકટર પણ બોગસ છે.જે બાતમી હકીકત આધારે અત્રેની કચેરી ખાતે ફરજ બજાવતા અ.હે.કો. ભાવેશભાઇ જયમનલાલ તથા અ.હે.કો. દિનેશભાઇ ફુલસીંગભાઇનાઓ તથા અર્બન હેલ્થ ઓફિસર અર્બન હેલ્થ સેન્ટર -૦૧ના ડોકટર અબ્દુલ્લા ઇબ્રાહીમ શેખનાઓ સાથે મોજે અલીફનગર તીઘરા ખાતે તપાસ કરવામાં આવેલ.

સદર જગ્યાએ આરોપી શિવનારાયણ બલીરામ ચૌધરી ઉ.વ ૪૩ રહે. અલીફનગર,તીઘરા,તા.જી.નવસારી,મુળ રહે.ગામ હોળ, તા.પારોળ, જી.જળગાંવ (મહારાષ્ટ્ર) નાઓ પાસે ગુજરાત મેડીકલ કાઉન્સીલ તથા ઇન્ડીયન મેડીકલ કાઉન્સીલની કોઇ માન્યતા પ્રાપ્ત મેડીકલ પ્રેકટીસ અંગેની ડીગ્રી નહી ધરાવતા હોવા છતાં પોતે ડોકટરનો હોદ્દો ધરાવી પોતાના કબજાના દવાખાનામાં મેડીકલ સામાન રાખી દર્દીઓને સ્વાસ્થ્યને નુકશાન થાય તથા જીવ જોખમમાં મુકાય તે રીતે મેડીકલ પ્રેકટીસ કરી મેડીકલ દવા અન્ય સાધન સામગ્રી મળી કુલ કિ.રૂ.૨૪૪૪૬.૮૮/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય આરોપીને હાલમાં કોવિડ-૧૯ મહામારી અન્વયે તાબામાં લીધેલ છે.પકડાયેલ આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ ૩૩૬,૪૧૯ તથા ઇન્ડીયન મેડીકલ કાઉન્સીલ એકટ ૧૯૫૬ની કલમ ૧૫ તથા ૫ ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટ ૧૯૬૩ ની કલમ ૩૦,૩૫ મુજબ ગુનો રજીસ્ટર કરી તપાસ અર્થે નવસારી ટાઉન પો.સ્ટે. ખાતે સોંપેલ છે.



**પ્રેસ નોટ તા.૦૧/૦૬/૨૦૨૧**

**ખેરગામ વિસ્તારમાં ડિગ્રી વગર મેડીકલ પ્રેકટીસ કરતા બોગસ ડોકટરને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી. ટીમ**

નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી,એસ.જી.રાણા સાહેબનાઓએ મેડીકલ ડિગ્રી વગર મેડીકલ પ્રેકટીસ કરતા નકલી તબીબો શોધી તેઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા પોલીસ ઇન્સપેકટરશ્રી, કે.જી.લીંબાચીયા, એસ.ઓ.જી. નવસારીનાઓને જરૂરી સુચના આપેલ હોય જે આધારે.

આજરોજ તા.૦૧/૦૬/૨૦૨૧ ના રોજ એ.એસ.આઈ. કિશોરભાઈ ગુલાબભાઈ તથા અ.હે.કો. દિનેશભાઇ ફુલસીંગભાઇનાઓને સંયુકત રાહે બાતમી હકિકત મળેલ કે, મોજે માંડવખડક,તાડપાડા ફળીયું,તા.ચીખલી,જી.નવસારી ખાતે બોગસ દવાખાનું ચાલે છે તેમાં સારવાર આપનાર ડોકટર પણ બોગસ છે.જે બાતમી હકીકત આધારે પો.કો. કિરણકુમાર દિનેશભાઇનાઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, માંડવખડકના ડોકટર ચંન્દ્રકાંતભાઈ છોટુભાઈ પટેલનાઓ સાથે મોજે માંડવખડક,તાડપાડા ફળીયા ખાતે તપાસ કરતાં આરોપી ચંન્દ્રશેખર રામગોપાલ શર્મા ઉ.વ. ૫૦ રહે.૧૩૦,ગોકુળધામ સોસાયટી,અબ્રામા,વલસાડ,તા.જી.વલસાડનાઓ પાસે ગુજરાત મેડીકલ કાઉન્સીલ તથા ઇન્ડીયન મેડીકલ કાઉન્સીલની કોઇ માન્યતા પ્રાપ્ત મેડીકલ પ્રેકટીસ અંગેની ડીગ્રી નહી ધરાવતા હોવા છતાં પોતે ડોકટરનો હોદ્દો ધરાવી પોતાના કબજાના દવાખાનામાં મેડીકલ સામાન રાખી મેડીકલ પ્રેકટીસ કરી એલોપેથી દવા,ઇન્જેકશન તથા ડોકટરી સાધન સામગ્રી મળી કુલ કિ.રૂ.૧૨,૦૬૬.૫૪/-ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય આરોપીને હાલમાં કોવિડ-૧૯ મહામારી અન્વયે તાબામાં લીધેલ છે.પકડાયેલ આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ ૪૧૯ તથા ઇન્ડીયન મેડીકલ કાઉન્સીલ એકટ ૧૯૫૬ની કલમ ૧૫ તથા ૫ ગુજરાત મેડીકલ પ્રેકટીસનર એકટ ૧૯૬૩ ની કલમ ૩૦,૩૫ મુજબ ગુનો રજીસ્ટર કરી તપાસ અર્થે ખેરગામ પો.સ્ટે. ખાતે સોંપેલ છે.

**તા.૦૧/૦૬/૨૦૨૧**

**બંધ બોડીના ટાટા ટેમ્પોમાં પુઠાના બોક્ષમાં પ્લાસ્ટીકની બોટલો ભરી તેની આડમાં ૩૬૨ પુઠાના બોક્ષમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ વ્હીસ્કી, વોડકા તથા ટીન બીયર મળી કુલ નંગ-૧૨,૪૩૨ કિ.રૂ.૧૮,૯૧,૬૦૦/- ના પ્રોહી મુદ્દામાલ સાથે એક આરોપીને ડીટેઇન કરતી નવસારી એલ.સી.બી**

અત્રેના જીલ્લામાં પ્રોહીબીશન તેમજ જુગારની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા નવસારી વિભાગ, નવસારી સાહેબ નાઓએ પોલીસ ઈન્સ્પેકટર વી.એસ.પલાસ એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે આજરોજ તા.૦૧/૦૬/૨૦૨૧ના રોજ પો.ઇન્સ.શ્રી વી.એસ.પલાસ, પો.સ.ઇ.શ્રી એમ.જી.પાટીલ, એ.એસ.આઇ. કલ્યાણભાઇ રામભાઇ, એ.એસ.આઇ. સુનિલસિંહ દેવિસિંહ, એ.એસ.આઇ. વિજયભાઇ દલપતસિંહ, અ.હે.કો. મિલનભાઇ મનસુખભાઇ, અ.હે.કો. સુરેશભાઇ વિષ્ણુભાઇ, અ.હે.કો નિલેશભાઇ અશોકભાઇ, પો.કો અર્જુનભાઇ પ્રભાકરભાઇ તમામ નોકરી એલ.સી.બી નવસારીનાઓ સાથે નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી ડ્રાઇવ ગુના અંગે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન એ.એસ.આઇ કલ્યાણભાઇ રામભાઇ તથા એ.એસ.આઇ સુનિલસિંહ દેવિસિંહ નાઓને સંયુકત રીતે મળેલ બાતમી હકીકત આધારે ને.હા.નં.૪૮ મુંબઇ થી અમદાવાદ જતાં ટ્રેક ઉપર બોરીયાચ ટોલનાકા પાસે ટાટા ટેમ્પો નં.GJ-19-X-9260 ના ચાલક જયસિંગભાઇ મનુભાઇ ગામિત ઉ.વ.૪૮ રહે.ગામ પામપુમા દાદરી ફળીયા તા.વ્યારા જી.તાપી નાને ટાટા ટેમ્પોમાં પાછળના ભાગે ભારતીય બનાવટનો વિદેશી દારૂના ૩૬૨-પુઠાના બોક્ષમાં નાની-મોટી વ્હીસ્કી તથા વોડકાની બાટલીઓ તથા ટીન બીયર મળી કુલ નંગ-૧૨૪૩૨ જેની કિ.રૂ.૧૮,૯૧,૬૦૦/- નો પ્રોહી મુદ્દામાલ લઇ જતા પકડાયેલ ગયેલ અને આરોપીની પુછપરછ દરમ્યાન પ્રોહી દારૂનો જથ્થો રાજુભાઇ જેનુ પુરૂ નામઠામ જણાયેલ નથી તેણે અશોકભાઇ કાઠીયાવાડીની મુલાકાત કરાવેલ અને અશોકભાઇ કાઠીયાવાડીએ પોતાને મોબાઇલ ઉપરથી ફોન કરી ભીલાડ સરીગામ ત્રણ રસ્તા પાસે બોલાવેલ જેથી પોતે ટ્રકમાં બેસી ભીલાડ સરીગામ ત્રણ રસ્તા પાસે ગયેલ ત્યારે અશોકભાઇ કાઠીયાવાડીના બે હિન્દી ભાષી છોકરાઓ ટાટા ટેમ્પો નંબર GJ-19-X-9260 માં દારૂ ભરી લઇ આવેલ હોય જે દારૂ ભરેલ ટેમ્પો આપતા પોતે ભીલાડ સરીગામ ત્રણ રસ્તાથી ને.હા.નં.૪૮ મુંબઇ થી અમદાવાદ જતા ટ્રેક ઉપર વાપી, ઉદવાડા, પારડી, વલસાડ, ડુંગરી, નવસારી, કામરેજ થઇ અંકલેશ્વર પાસે હાઇવે ઉપર આવેલ રામદેવ હોટલ પાસે પહોચી અશોકભાઇ કાઠીયાવાડીનો કોન્ટેક્ટ કરનાર હોવાનુ જણાયેલ છે. જેથી પકડાયેલ આરોપીઓ તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવેલ છે.





**પ્રેસ નોટ તા.૦૨/૦૬/૨૦૨૧**

**જલાલપોર પોલીસ સ્ટેશનની હદમાં સને ૨૦૧૭માં દાખલ થયેલ મોબાઇલ ચોરીનો ભેદ ઉકેલતી નવસારી એસ.ઓ.જી. ટીમ**

નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષીકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધીક્ષકશ્રી એસ.જી.રાણા સાહેબ નાઓએ અનડીટેકટ ગુના શોધી કાઢવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટરશ્રી કે.જી.લીંબાચીયા એસ.ઓ.જી. નવસારી નાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય જે આધારે

પો.કો નિલેશભાઇ રતીલાલ નાઓએ જલાલપોર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં ૬૮/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામે તા.૨૪/૧૦/૨૦૧૭ના રોજ ચોરીમાં ગયેલ નોકીયા-૬ મોડલ નંબર TA-1021 નો મોબાઇલ ટેકનીકલ સર્વેલન્સ આધારે તપાસ કરતા મદીહ રેસીડન્સી, વોહરવાડ, ગોપીપુરા સુરત ખાતે રહેતી શકીનાબાઇ w/o જુજરભાઇ ફકરૂદીન વોહરા નાની પાસે હોવાનુ હકિકત જાણવા મળેલ.

જેથી શકીનાબાઇ w/o જુજરભાઇ ફકરૂદીન વોહરા નાઓને જલાલપોર પો.સ્ટે ખાતે બોલાવી એસ.ઓ.જી પોલીસ માણસો અ.હે.કો ઋષીકુમાર કાંતીલાલ, પો.કો. કલ્પેશભાઇ મોહનભાઇ, પો.કો નિલેશભાઇ રતીલાલ તથા જલાલપોર પો.સ્ટેના વુ.પો.કો સુરેખાબેન લલ્લુભાઇ નાઓની હાજરીમાં પુછપરછ કરતા તેણી પાસેથી જલાલપોર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં ૬૮/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીમાં ગયેલ નોકીયા-૬ મોડલ નંબર TA-1021 નો મોબાઇલ મળી આવતા તપાસ અર્થે કબ્જે કરી પકડાયેલ આરોપીબેનને સી.આર.પી.સી ૪૧(૧)ડી મુજબ ડીટેન કરી આગળની કાર્યવાહી સારૂ જલાલપોર પો.સ્ટે ખાતે સુપ્રત કરેલ છે.